# Government Arts College,Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com


**Academic Year : 2022-23**

**Bhajan Competition Under Git, Sangit and Nruty Dhara. Date: 03/09/2022**


**Government Arts College, Kaparada**
**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,



સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org


GACK/2022/સપ્તધારા.સાં/સ્પર્ધા/113

DATE:03/09/2022

## સપ્તધારાની ગીતસંગીત નૃત્યધારા
### અંતર્ગત ભજન સ્પર્ધા

તા.03/09/2022

તા.03/09/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે આચાર્ય શ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબની અધ્યક્ષતામાં 'સપ્તધારાની ગીત સંગીત નૃત્યધારા' અંતર્ગત ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. સંપૂર્ણ કાર્યક્રમમાં કુલ 13 સ્પર્ધકોએ આત્મવિશ્વાસ પૂર્વક ભાગ લીધો.

કાર્યક્રમની શરૂઆત શ્રીના નામ સ્મરણથી થઈ. ત્યારબાદ કોલેજના સ્પર્ધકોએ ક્રમશઃ પોતાના ભજનો રજુ કર્યા. ભજન સ્પર્ધા અંતર્ગત ડૉ. કિરણભાઈ ગામીત અને પ્રા. ચંદનબેન ચવધરી નિર્ણાયકની ભૂમિકામાં રહ્યા. કાર્યક્રમનો આભાર પ્રા. રમેશભાઈ જાદવે માન્યો. સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સૂત્રસંચાલન મીતેશ સોનારે કર્યું. આચાર્યશ્રીના આશિર્વચન બાદ પ્રા. ડૉ. કિરણભાઈ ગામીતને GPSC પરીક્ષામાં સફળ થયા બદલ શુભેચ્છાઓ આપવામાં આવી. રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતી જાહેર થઈ.

સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન કોલેજ પરિવારના આચાર્યશ્રી સહિત અગિયાર પ્રાધ્યાપકોએ તેમજ કુલ 183 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

Govt. Arts College-Kaparada, Dist. Valsad

Principal
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Bhajan Competition Under Git, Sangit and Nruty Dhara. Photographs:**






**Teachers Day Celibration. Date:-05/09/2022**

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

સરકારી વિનયન કૉલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. 192
તારીખ 6/9/2022

## મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન (SVEEP)

અંતર્ગત

### "શિક્ષકદિનની ઉજવણી કાર્યક્રમ" નો અહેવાલ

તા. ૦૫.૦૯.૨૦૨૨

સરકારી વિનયન કૉલેજ, કપરાડા ખાતે પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની જ્ઞાનધારા તથા મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન (SVEEP) અંતર્ગત ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. અત્રેની કૉલેજના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયના અધ્યાપક તરીકેની ફરજ બખુબી અદા કરી, અધ્યાપક તરીકેનો અનુભવ પ્રાપ્ત કર્યો.

શૈક્ષણિકકાર્ય પૂર્ણ કર્યા બાદ આજના દિને પ્રાચાર્ય અને શિક્ષક તરીકે ભૂમિકા ભજવનાર સૌ વિદ્યાર્થીઓને પ્રાચાર્યશ્રી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા. પ્રાચાર્યશ્રીએ આજના દિનના મહત્વ, શિક્ષકની વિદ્યાર્થીઓ પ્રત્યેની જવાબદારી, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્નનના જીવન વિષે માહિતી આપી. પ્રાચાર્યશ્રીએ SVEEP અંગે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વધુમાં જણાવ્યું કે, જેના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે અથવા ૧ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થાય છે એ તમામ વિદ્યાર્થીઓએ મતદાર તરીકે Voter Help Application દ્વારા અથવા તો રૂબરૂ જઈ નામ વહેલી તકે નોંધાવવાનું રહેશે.

પ્રથમ વર્ષની વિદ્યાર્થીની ધૂમ કુંતાબેન અને પ્રા. અનીસ ગામીતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્નનના જીવન વિષે વિસ્તૃત રીતે વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા. શિક્ષકદિન નિમિત્તે આચાર્ય તરીકે તૃતીય વર્ષના વિદ્યાર્થી સોનાર મિતેષ નલીનચંદ્રએ પોતાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું તથા આજના દિવસનો અનુભવ કેવો રહ્યો તે પણ જણાવ્યું. આજના દિનના સર્વે શિક્ષકોનો અને સર્વે અધ્યાપકોનો પણ મિતેષે આભાર વ્યક્ત કર્યો. આભારવિધિ કુ. વૈભવી કિશનભાઈ ગાંવિતે રજુ કરી. કાર્યક્રમનું સંચાલન નિકુળ્યા પન્નાબેન રમેશભાઈએ કર્યું. આજના કાર્યક્રમમાં ૧૪ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ અને ૧૭૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમ પ્રા. મનોજ પટેલના કૉ-ઓર્ડિશનમાં પૂર્ણ કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

## Teachers Day Celibration. Photographer:






**Rangoli Competition under Rang Kala Kaushalya Dhara. Date:09/09/2022**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## <u>રંગોળી સ્પર્ધાનો અહેવાલ</u>

Govt. Arts College, Kaparada
Inward No. : GACK / 198
Date તા. 09/09/2022

તા. 09/09/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે, આચાર્યશ્રી ડૉ. ડી.એમ દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની 'રંગકલા કૌશલ્ય ધારા' અંતર્ગત 'રંગોળી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ 18 વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો. ભાગ લેનાર વિદ્યાર્થીઓના 6 ગ્રુપ બનાવવામાં આવ્યા. જેમાં 3 કુમાર અને 15 કન્યા એ ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા સંસ્થાના પ્રાધ્યાપિકા રશ્મિતાબેન રાઠોડ અને ચંદનબેન ચવધરી એ ભજવી. સ્પર્ધાનું આયોજન 'રંગકલા કૌશલ્ય ધારા' ના કન્વીનર પ્રાધ્યાપકશ્રી અનિલભાઈ ગામિત અને કિન્નરીબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. સ્પર્ધામાં પ્રથમ વિજેતા ગ્રુપ-5 (નડિયા દેવિકા, વઢાળી દેવિકા, દાહવાડ એકનાથ), દ્વિતીય વિજેતા ગ્રુપ-6(કરડેલ અરુણા, ચૌધરી પાર્વતી, ડોળે દર્શના) તથા તૃતીય વિજેતા ગૃપ-4 (ગોનિયા અલ્કા, ગરેલ અરુણા, ઠાકર્યા રોહિણા) થયા

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Rangoli Competition under Rang Kala Kaushalya Dhara.Photographer:






**Gujarat Gyaan Guru Quiz(G3Q)**

**(DISTRICT AND MUNICIPAL CORPORATION LEVEL LIVE QUIZ EVENT): DATE:- 07/10/2022**

Govt. Arts College, Kaparada
Inward No. : GACK/2022/222
Date : 07/10/2022

**GOVERNMENT ARTS COLLEGE KAPARADA , DIST:- VALSAD**

GUJARAT GYAAN GURU QUIZ ( G3Q )

DISTRICT AND MUNICIPAL CORPORATION LEVEL QUIZ

DATE:- 07/10/2022

અહેવાલ

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધાના ૧૧ રાઉન્ડ પૂર્ણ થયેલ છે. ત્યારબાદ તા:- ૦૭/10/૨૦૨૨ નાં રોજ ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું . આ સ્પર્ધાનું ઇનોગ્રેશન તા:૦૭/10/૨૦૨૨ નાં રોજ સવારે 10 કલાકે ફેસબુક લાઈવનાં માધ્યમ થી યોજાયું હતું. જે સમગ્ર કાર્યક્રમ કોલેજના કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૧૧ જેટલા કોલેજના સ્ટાફનાં સભ્યો દ્વારા નિહાળવામાં આવ્યો હતો. ત્યારબાદ બપોરે 3 વાગ્યે તાલુકા કક્ષાના વિજેતા થયેલ વિદ્યાર્થીએ જીલ્લા કક્ષાની ક્વિઝ આપી. જેમાં કુલ ૪૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ જ્ઞાનધારા અંતર્ગત યોજવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્ઞાનધારાના કોર્ડીનેટર શ્રી દીપકકુમાર વી. પટેલ દ્વારા , કોલેજના આચાર્યશ્રી ડો. ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન અને સ્ટાફના સહયોગ દ્વારા કરવામાં આવ્યું.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

# Gujarat Gyaan Guru Quiz(G3Q)





**Dance Training Programme under Git, sangit and nruty dhara. Date:20/01/2023**


**Government Arts College, Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org


GACK/2023/ગીત સંગીત નૃત્યધારા રિહર્સલ/38 DATE:-25/01/2023

## સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે, સપ્તધારાની 'ગીત-સંગીત નૃત્યધારા' અંતર્ગત

26મી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિવસ) ની ઉજવણીના ભાગ સ્વરૂપ સમૂહનૃત્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમ હેઠળ કુલ 28 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

કાર્યક્રમની તૈયારી માટે વલસાડ જીલ્લાના જાણીતા કોરિયોગ્રાફર શ્રી. શૈલીબેન સંચેતીને તા.20/01/2023 ના રોજ કોલેજ પરિસરમાં આમંત્રવામા આવ્યા. તેમણે ખુબ ઉત્સાહ અને ખંત પૂર્વક, અધ્યાપકોની સહાયથી વિદ્યાર્થીઓને તૈયાર કર્યાં.

તા.21/01/2023 ના રોજ સમૂહનૃત્ય નું રિહર્સલ નાનાપોંડા એન. આર. રાઉત હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું. ત્યારબાદ 23/01/2003 ના રોજ કોલેજખાતે ફરિથી તેજ સમૂહનૃત્ય નું રિહર્સલ કરાવવામાં આવ્યું.

તા.24/01/2023 ના રોજ મુખ્ય કાર્યક્રમની પૂર્વભૂમિકાના રિહર્સલના ભાગસ્વરૂપ ફરીથી કોસ્ટ્યુમ સાથે 'સમૂહનૃત્ય' ની રજૂઆત નાનાપોંડા મેદાન ખાતે કરવામાં આવી.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Dance Training Programme under Git, sangit and nruty dhara. Photographs:**




24/01/2023 નાનાપોંઢા ખાતે વિધાર્થીઓને કરાવેલ રિહર્સલના ફોટોગ્રાફ



**Republic Day Celibration.Date: 26/01/2023**


**Government Arts College, Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org


GACK/2023/ચો. વ્યા.ખેલ કૂદ/39 DATE:-26/1 /2023

## પ્રજાસત્તાક દિન અહેવાલ

૭૪મા પ્રજાસત્તાક દિન નિમિત્તે અત્રેની કોલેજમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ પદે કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે પોતાના વક્તવ્યમાં શહિદોને અને દેશના માટે આપેલ તેમના બલિદાને યાદ કર્યા. દેશની પ્રગતિમાં આજના યુવાનોની ભૂમિકા અંગે વાત કરી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ યોગ, વ્યાયામ અને ખેલકૂદ ધારા અંતર્ગત કરવામાં આવ્યો હતો. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પી. ટી. આઈ શ્રી એસ. એન. ટંડેલ સાહેબે કર્યું હતું.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Republic Day Celibration. Photographs:**






**Rangoli Competition under Rang kala kaushaly Dhara. Date: 09/09/2023**

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

## રંગોળી સ્પર્ધાનો અહેવાલ

Govt. Arts College, Kaparada
Inward No. : GACK / 198
Date : તા. 09/09/2022

તા. 09/09/2022 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે, આચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની 'રંગકલા કૌશલ્ય ધારા' અંતર્ગત 'રંગોળી સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ 18 વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો. ભાગ લેનાર વિદ્યાર્થીઓના 6 ગ્રુપ બનાવવામાં આવ્યા. જેમાં 3 કુમાર અને 15 કન્યા એ ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા સંસ્થાના પ્રાધ્યાપિકા રશ્મિતાબેન રાઠોડ અને ચંદનબેન ચવધરી એ ભજવી. સ્પર્ધાનું આયોજન 'રંગકલા કૌશલ્ય ધારા' ના કન્વીનર પ્રાધ્યાપકશ્રી અનિલભાઈ ગામિત અને કિન્નરીબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. સ્પર્ધામાં પ્રથમ વિજેતા ગ્રુપ-5 (નડિયા દેવિકા, વઢાળી દેવિકા, દાહવાડ એકનાથ), દ્વિતીય વિજેતા ગ્રુપ-6(કરડેલ અરુણા, ચૌધરી પાર્વતી, ડોળે દર્શના) તથા તૃતીય વિજેતા ગૃપ-4 (ગોનિયા અલ્કા, ગરેલ અરુણા, ઠાકર્યા રોહિણા) થયા

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Rangoli Competition under Rang kala kaushaly Dhara.  Photographs:**






**Drama Competition Under Natya Dhara. Date: 07/02/2023**


**Government Arts College, Kaparada**
**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭.
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org


GACK/2023/સપ્તધારા નાટ્યધારા અંતર્ગત/61 DATE:-08/02/2023

## સપ્તધારાની નાટ્યધારા અંતર્ગત થયેલ

### 'નાટ્યસ્પર્ધા' અંગેનો અહેવાલ

તા.૭મી ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે આચાર્યશ્રી ડૉ. ડી. એન દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ સવારે ૧૦:૩૦ કલાકે સપ્તધારાની નાટ્યધારા અંતર્ગત "નાટય સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કાર્યક્રમને અનુલક્ષીને કોલેજના આચાર્ય સાહેબશ્રી દ્વારા પ્રસંગોચિત પ્રવચન આપવામાં આવ્યું. ત્યારબાદ "નાટય સ્પર્ધા" ની શરૂઆત કરવામાં આવી. પ્રથમ ગ્રુપ દ્વારા "ખેડૂત સમસ્યા" બીજા ગ્રુપ દ્વારા " માંસીને દે ફાંસી" અને ત્રીજા ગ્રુપ દ્વારા "ઘરેલું હિંસા" કૃતિઓની રજુઆત થઈ.

આ કાર્યક્રમને નિહાળવા માટે ૧૧૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સાથે કોલેજના આચાર્યશ્રી તેમજ અધ્યાપકો/કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. મેઘના કે. ધારણે અને પ્રા. ચંદનબેન સી. ચવધરીએ ફરજ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું વિડિયો રેકોર્ડિંગ અને ફોટોગ્રાફી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નાટ્યધારાના કો.કો.ઓર્ડિનેટર પ્રા. શ્રીમતિ રશ્મિતાબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમણે દરેક નાટક વિશે થોડી માહિતી પણ આપી હતી. અંતે કાર્યક્રમની આભારવિધી નાટ્યધારાના કો.ઓર્ડિનેટરશ્રી ડૉ. વિરેન્દ્રભાઈ વસાવાએ કરી હતી. નાટ્યધારા સ્પર્ધામાં ગ્રુપ -૨ ની કૃતિ "માંસીને દે ફાંસી" ને પ્રથમ અને ગ્રુપ-૧ ની કૃતિ "ખેડૂત સમસ્યા" ને દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો.

Govt. Arts College-Kaparada, Dist. Valsad

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Drama Competition Under Natya Dhara. Photographs:**





**Cleanliness awareness Programme under seva samuday dhara. Date:-09/02/2023**


# Government Arts College, Kaparada

## સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org


---

GACK/2023/સપ્તધારા/સેવા સમુદાય ધારા/65 DATE:-09/02/2023

# અહેવાલ

સપ્તધારાની સેવા સમુદાય ધારા અંતર્ગત તા.09/02/2023 ના રોજ કોલેજ કેમ્પસ તથા કેમ્પસ બહાર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આ કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો જેમાં સેવા સમુદાયધારાના કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રફુલ્લ બી. ફુરકુટિયા તથા અધ્યાપકશ્રીઓ અને 62 વિદ્યાર્થી ભાઈ-બહેનો અને 13 ગ્રામજનો સાથે મળીને કોલેજ કેમ્પસ તથા કેમ્પસ બહારના મુખ્ય રસ્તા તથા તેની આસપાસ પ્લાસ્ટિક તથા અન્ય કચરો ઉપાડીને સાફ – સફાઈનું કાર્ય કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમને સુચારૂ રીતે કરી શકાય તે માટે અધ્યાપકો સાથે વિદ્યાર્થીઓની 04 ટૂકડીઓ બનાવીને આ કાર્ય કરવામાં આવ્યું. જેમાં તમામ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓ ખૂબ જ ખંત અને જહેમતથી આ કાર્યને સફળ બનાવવામાં સહયોગ આપ્યો. આ સાફ-સફાઈ કાર્યમાં જે કચરો એકત્રિત કરવામાં આવ્યો તેનો નિકાલ ગ્રામ પંચાયત કપરાડાની કચરો ઉપાડવાની ગાડીમાં ભરીને તેનો યોગ્ય નિકાલ માટે મોકલવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યશ્રી પણ સતત હાજર રહી વિદ્યાર્થીઓની સાથે સાફ-સફાઈનું કાર્ય કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. તેમજ ગ્રામજનો સાથે પોતાની આસપાસના વિસ્તારમાં સાફ-સફાઈ રાખી સ્વચ્છતા જાળવવાનો સંદેશા આપેલ. તેમજ કચરો કચરા પેટીમાં જ નાખવાની અને કચરાપેટી રાખવાનું નમ્ર સૂચન કરેલ. જે સૂચનને ગ્રામજનોએ સહર્ષ સ્વીકારી આ સંદેશ આગળ પણ ફેલાવવાની ખાતરી આપેલ. જે બાબત કોલેજ દ્વારા માટે ખૂબ જ હકારાત્મક રહી.

કાર્યક્રમના અંતમાં આચાર્યશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Cleanliness awareness Programme under seva samuday dhara. Date:09/02/2023**





**Best Out of waste Competition Under Sarjanatmak Dhara. Date: 16/02/2023**

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

Govt. Arts College, Kaparada
Outward No.: GACK/70
Date: તા. 16/02/2023

## " વેસ્ટમાંથી બેસ્ટ" સ્પર્ધાનો અહેવાલ

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના શૈક્ષણિક વર્ષ 2022-23 માં પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સપ્તધારાની સર્જનાત્મક અભિવ્યક્તિધારા અંતર્ગત આજ રોજ તા. 16/02/2023 ના રોજ 11:20 કલાકે " વેસ્ટમાંથી બેસ્ટ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સોળ વિદ્યાર્થીઓએ નામ નોંધાવેલ. તેમાંથી આઠ વિદ્યાર્થીઓ હાજર રહેલ અને સ્પર્ધામાં ભાગ લીધેલ. સ્પર્ધકોએ વિવિધ સામગ્રીનો ઉપયોગ કરી, ઉપયોગમાં લઈ શકાય એવી અને આકર્ષક કૃતિઓ તૈયાર કરી. પ્રાચાર્યશ્રીએ સ્પર્ધકોની કૃતિ નિહાળી અને સૌને પ્રોત્સાહન આપી શુભેચ્છાઓ પણ પાઠવી.

નિર્ણાયક તરીકે ગુજરાતી વિષયના પ્રાધ્યાપકશ્રી વી.આર.વસાવા સાહેબ અને શ્રી ડી.વી.પટેલ સાહેબે ભૂમિકા નિભાવી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ વાઘટ શ્વેતાબેન આર. અને દ્વિતીય ક્રમ દિવા ફૂલીબેન એસ. ને પ્રાપ્ત થયો. સમગ્ર સ્પર્ધાનું સંકલન અને સંચાલન ગુજરાતી વિષયના પ્રાધ્યાપકશ્રી એમ. પી. પટેલે કર્યું.

કો-ઑર્ડીનેટર
(સર્જનાત્મક અભિવ્યક્તિધારા)

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Best Out of waste Competition Under Sarjanatmak Dhara. Date: 16/02/2023**






Annual Day Celibration , Date: 29/03/2023


# Government Arts College, Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭,
સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org


GACK/2023/વા. ઈ. ટી.વાય. બી.એ. વિ.સ. / 66 DATE:- 31 / 03 /2023

## વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનો અહેવાલ

તા.29/03/2023 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત 'વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ' યોજાયો. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિની પરંપરા અનુરૂપ મંગલાચરણ થી કરવામાં આવી. પ્રથમ વર્ષ બી. એ. ની વિદ્યાર્થીનીઓએ ભાવવાહી શૈલીમાં સંસ્કૃત શ્લોકોરચારણ દ્વારા વાતાવરણને પવિત્રતા અર્પી. ત્યારબાદ કપરાડા કોલેજ પરિવારના સભ્યોએ સાથે મળી દિપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે વિદ્યાર્થીઓને ઉત્સાહવર્ધક પ્રવચન સાથે આર્શિર્વચનો આપ્યા. પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.એ. ની વિદ્યાર્થીનીઓએ 'આયો રે શુભદિન આયો રે----' સ્વાગતગીત થકી પ્રેક્ષકોના મન મોહ્યા. ત્યારબાદ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી. એ. ના વિદ્યાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું 'આદિવાસી જંગલ રખવાલા રે' ગીત પર સમુહ નૃત્ય રજુ કર્યું.

કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરવા વચ્ચે - વચ્ચે ઈનામ વિતરણના તબક્કાઓ આયોજવામાં આવ્યા હતા. કોલેજમાં ચાલનાર વિવિધ ધારાઓ તેમજ અન્ય પ્રવૃત્તિ અંતર્ગત થયેલ સ્પર્ધાઓના વિજેતા ઉમેદવારોને પ્રોત્સાહક ઈનામ સ્વરૂપે સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા. પ્રથમ તબક્કે ભજન અને રંગોળી સ્પર્ધામાં વિજેતા થયેલા ઉમેદવારોને સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબના વરદ હસ્તે સર્ટિફિકેટ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા.

ત્યારબાદ મરાઠી કોલી સમાજની ઝલક દર્શાવતુ 'મરાઠી કોલી નૃત્ય 'મી હાય કોલી' સંસ્થાના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા રજુ કરવામાં આવ્યું. ત્યારબાદ 'નાટ્યસ્પર્ધા', અને 'વોલી બોલ' સ્પર્ધામાં વિજેતા બનેલ ટીમ અને ટીમના સદસ્યોને સર્ટિફિકેટ આપવામાં આવ્યા. તેમજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ હેઠળ સંસ્થામાં થયેલ દોડ સ્પર્ધા, વિશ્વજળ દિવસ વિષયક ચિત્ર સ્પર્ધા' ના પ્રથમ અને દ્વિતીય વિજેતા ઉમેદવારોને ઈનામ આપવામાં આવ્યા.

કોલેજના વિદ્યાર્થીઓએ સમુહમાં 'માઝા સમાજ જાગા ઝાલાય' આદિવાસી બોલીમાં ચેતનાત્મક સમૂહનૃત્ય કરી તમામના મનમા રહેલ આદિવાસી ચેતનાને ઢંઢોળવાનો ખુબ સરસ

Govt. Arts College Kaparada Dist. Valsad

પ્રયત્ન કર્યો. ત્યારબાદ 'G20' અંતર્ગત લેવાયેલ ક્વિઝ, વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધામાં વિજેતા અને ઉપવિજેતા ઉમેદવારોને સર્ટિફિકેટ આપી બહુમાનીત કરવામાં આવ્યા.

શૈક્ષણિક વર્ષ 2022-23 દરમિયાન દહિખેંડ મુકામે થયેલ N.S.S. કેમ્પના વિદ્યાર્થીઓને પણ પ્રસ્તૃત પ્રસંગે સર્ટિફિકેટ આપી સન્માનીત કરવામાં આવ્યા. બાદ N.S.S. પ્રોગ્રામ ઓફિસર શ્રી. અનિષભાઈ ગામિતે સંસ્થામાં વર્ષ દરમિયાન થતી અનેકવિધ પ્રવૃત્તિઓનો ચિતાર વિદ્યાર્થીઓને મળે એ હેતુસર 'વાર્ષિક અહેવાલ' નું વાંચન કર્યું.

પેક્ષકોને ફરીથી તરોતાઝા કરવાનું કામ કાર્યક્રમ દરમિયાન પ્રથમ વર્ષ બી. એ. ના વિદ્યાર્થી અજીતભાઈ માહલાએ 'એકપાત્રીય અભિનય' દ્વારા કર્યું. સંસ્થાના વરિષ્ટ અધ્યાપક ડૉ. પી. બી. કુરકુટિયા સાહેબ તેમજ પ્રા. એમ.પી. પટેલ સાહેબે સરકારી વિનયન કોલેજ કપરાડા પરિવાર વતી વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને સંબોધ્યા અને કોલેજ પરિવાર વતી ઉજ્જ્વળ કારકિંદી વિષયક શુભેચ્છાઓ પાઠવી.

કાર્યક્રમના અંતે દાહવડ એકનાથ અને ભોયા પ્રિયંકાએ ત્રણ વર્ષ દરમિયાન કોલેજમાં મળેલા સારા અનુભવો અને માર્ગદર્શનને પોતાના શબ્દોમાં વિદ્યાર્થીઓ વતી વ્યક્ત કર્યા. સંપૂર્ણ કાર્યક્રમનું સૂત્ર સંચાલન અને આભારવિધી સોનાર મિતેશભાઈ દ્વારા કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન કોલેજના કુલ 130 વિદ્યાર્થી ભાઈ - બહેનો અને 12 સ્ટાફ મિત્રોએ ભાગ લીધો.

કોલેજ પરિવાર વતી અપાયેલ સ્વરૂચી ભોજનના અંતે કાર્યક્રમની વિધીવત પૂર્ણાહુતી જાહેર કરવામાં આવી. આમ 'સરકારી વિનયન કોલેજ કપરાડા' ખાતે 'વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓના વિદાય સમારંભ' ઉત્સાહભેર સંપન્ન થયો.

Govt. Arts College-Kaprada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**GOVERNMENT ARTS COLLEGE, KAPARADA,**

**TA – KAPARADA, DIST – VALSAD**

**Academic year-2022-23**

## વાર્ષિકોત્સવ,ઈનામ વિતરણ અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સભારંભ

Date: 29/03/2023





Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.